# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. કડી અને વિસાવદર વિધાનસભા બેઠક પર યોજાનારી પેટા-ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની આજે ચકાસણી કરવામાં આવી
2. રાજ્યના 24 હજારથી વધુ હાથસાળ અને હસ્તકળાના કારીગરોએ ત્રણ વર્ષમાં દેશભરમાં 124 કરોડ રૂપિયાથી વધુની વસ્તુઓનું વેચાણ કર્યું
3. અમદાવાદમાં બે દિવસમાં જ કોરોનાના 60 જેટલા કેસ નોંધાયા – એક વ્યક્તિનું મોત
4. રાજ્યમાં આગામી ત્રણ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી
5. IPLની ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે અમદાવાદમાં મુકાબલો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BY ELECTION FORM CHECK

મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર બેઠક પર યોજાનારી પેટા-ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની આજે ચકાસણી કરવામાં આવી. ચૂંટણી પંચની યાદી મુજબ, કડી બેઠક માટે 18 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી. તેમાંથી 16 ઉમેદવારના ઉમેદવારીપત્ર સ્વીકારાયા. જ્યારે બે ઉમેદવારીપત્ર રદ કરાયા છે. બંને બેઠકની પેટા-ચૂંટણી માટે ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ પાંચ જૂન છે.

ઉલ્લેખનીય છે કે, કડી બેઠક પર ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન અને વિસાવદર બેઠક પર ભૂપત ભાયાણીના રાજીનામા બાદ આ બંને બેઠક ખાલી પડી હતી. બંને બેઠકો માટે આગામી 19 જૂને અને 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

---------------

# TAPI SAMIKSHA BETHAK

તાપી જિલ્લામાં 96 ગ્રામ પંચાયતોની યોજાનારી ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે સમીક્ષા બેઠક યોજાઈ. અધિક જિલ્લા ચૂંટણી અધિકારી આર.આર. બોરડની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ચૂંટણીની કામગીરીમાં જોડાયેલા તંત્રના અમલીકરણ અધિકારી અને નૉડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. ઉલ્લેખનીય છે કે, અગાઉ ચૂંટણીલક્ષી કામગીરીના નિયંત્રણ, દેખરેખ અને માર્ગદર્શન માટે નૉડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી.

---------------

# GNR WORKSHOP

ગાંધીનગરમાં એન્ટી માઈક્રોબાયલ રેઝિસ્ટન્સ- AMR અંગે રાજ્યકક્ષાની કાર્યશાળા યોજાઈ. તેમાં પશુપાલન વિભાગના સચિવ સંદીપ કુમારે કહ્યું, વિભાગ દ્વારા પશુઓમાં એન્ટિ-બાયોટિક્સના ઉપયોગ અને રેઝિસ્ટન્સના સ્તર પર દેખરેખ રાખવા વિવિધ અભ્યાસ અને સંશોધન યોજનાઓ અમલમાં મૂકાઈ છે. આ પ્રયાસ પશુપાલન ક્ષેત્રમાં AMR-ના નિયંત્રણ માટે માર્ગદર્શક બની રહે છે.

પશુપાલન વિભાગનાં નિયામક ડૉક્ટર ફાલ્ગુની ઠાકરે કહ્યું, પશુપાલન ક્ષેત્ર માટે AMR એક મહત્વનો વૈશ્વિક આરોગ્ય પડકાર છે. વર્ષ 2017માં ભારતના નેશનલ ઍક્શન પ્લાન- NAP ઑન AMR-ને શરૂ કરાયો. ગુજરાત એવા કેટલાક ભારતીય રાજ્યોમાંથી એક છે, જેણે નેશનલ ઍક્શન પ્લાનની સાથે સ્ટેટ ઍક્શન પ્લાન પણ વિકસાવ્યો છે.

----------------

# HANDICRAFT SELLING

રાજ્યના 24 હજારથી વધુ હાથસાળ અને હસ્તકળાના કારીગરોએ ગત ત્રણ વર્ષમાં રાજ્ય સહિત દેશભરમાં 124 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વસ્તુઓનું વેચાણ કર્યું છે. વર્ષ 2023માં હાથસાળ અને હસ્તકળા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ 11 કારીગરને પુરસ્કારથી પણ સન્માનિત કરાયા છે. જે રાજ્ય સરકારે બનાવેલી ઇન્ડેક્ષ્ટ સી દ્વારા વડોદરા, સિદ્ધપુર, રાજકોટ ખાતે કાયમી હાટની સ્થાપના કરાશે. તેમજ

સુરત ખાતે PM એકતા મૉલ શરૂ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. સાંભળીએ એક અહેવાલ.

**(V/C- HINA MODI)**

*(...શહેરી અને ગ્રામીણ યુવાનોને રોજગારી મળે તે હેતુથી રાજ્ય સરકારે વર્ષ 1992થી "ઇન્ડસ્ટ્રીઅલ એક્સટેન્શન કોટેજ" એટલે કે, ઈન્ડેક્ષ્ટ-સી ની રચના કરી છે. ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા રાજ્યમાં ગત ત્રણ વર્ષમાં યોજાયેલા 234 મેળા અને પ્રદર્શન થકી 24 હજાર 689 જેટલા કારીગરોએ દેશભરમાં વેચાણ કર્યું. ઇન્ડેક્ષ્ટ-સી, અમદાવાદ હાટ, ભુજ હાટ અને બોપલ હસ્તકળા હાટ દ્વારા યોજાયેલા 205 મેળા અને પ્રદર્શન થકી 21 હજાર 318 જેટલા કારીગરોએ 99 કરોડથી વધુની કિંમતની વસ્તુઓનું વેચાણ કર્યું. આ જ રીતે રાજ્યની બહાર યોજાયેલા 29 મેળા-પ્રદર્શન થકી અંદાજે ત્રણ હજાર 380 જેટલા કારીગરોએ 25 કરોડ 87 લાખ રૂપિયાથી વધુની કિંમતની વસ્તુઓનું વેચાણ કર્યું છે.) હિના મોદી, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

-----------

# AMDAVAD CORONA

અમદાવાદમાં બે દિવસમાં જ કોરોનાના 60 જેટલા કેસ નોંધાયા છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, શહેરમાં અત્યાર સુધી 330 કેસ નોંધાયા. તેમાંથી 241 જેટલા કેસ સક્રિય છે. દરમિયાન 88 જેટલા દર્દીઓને રજા અપાઈ છે. બીજી તરફ, કોરોના કારણે એક વ્યક્તિનું મોત પણ થયું છે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં કોરોનાના કેસમાં વધારો થયો છે. જ્યારે બોપલ-ધુમા, થલતેજ, ગોતા, ચાંદલોડિયા, વસ્ત્રાપુર સૅટેલાઈટ, જોધપુર, સરખેજ, મક્તમપુરા, વાસણા,પાલડી, ચાંદખેડા, મોટેરા, સાબરમતી, આશ્રમ રોડ, રાણીપ, નવા વાડજ, નવા રાણિપ, જગતપુર, કેશવનગર, વાડજ, વેજલપુર સહિતના વિસ્તારમાં 190-થી વધુ કેસ નોંધાયા છે.

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# VISNAGAR - PALIKA

મહેસાણા વિસનગર નગરપાલિકાને "અ" વર્ગની પાલિકા જાહેર કરાતા કાંસા એન. એ ગ્રામ પંચાયતનું વિસર્જન કરી તેનું વિસનગર પાલિકા સાથે જોડાણ કરાયું. તેના થકી શહેરી વિકાસને લગતી તમામ અનુદાનમાંથી માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. તેમજ પ્રવર્તમાન નાણાકીય વર્ષના વેરામાં કોઈ ફેરફાર નહીં થાય અને આવકના દાખલાના માળખામાં પણ ફેરફાર થશે. આ અંગે વિસનગર નગરપાલિકાના ચીફ ઓફિસર પાર્થ ત્રિવેદીએ માહિતી આપી....

(બાઇટ : પાર્થ ત્રિવેદી)

----------------

## STATE WEATHER

રાજ્યમાં આજથી આગામી ત્રણ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ત્યારબાદ કમોસમી વરસાદનું જોર ઘટે તેવી સંભાવના છે. દરમિયાન આવતીકાલે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, આણંદ, ખેડા, પંચમહાલ, મહીસાગર, દાહોદમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

જ્યારે સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, ભરૂચ, નર્મદા, વડોદરા અને છોટાઉદેપુરમાં ભારે વરસાદને લઈને આગાહી હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

----------------

## Rain over all

રાજ્યમાં આજે સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધીમાં 15 તાલુકામાં સામાન્ય કમોસમી વરસાદ નોંધાયો. સત્તાવાર યાદી મુજબ, સૌથી વધુ અડધા ઈંચથી વધારે વરસાદ પંચમહાલના જાંબુઘોડા

તાલુકામાં નોંધાયો. ઉપરાંત વલસાડના પારડી અને વાપી સહિતના તાલુકાઓમાં અડધા ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

બીજી તરફ, સુરેન્દ્રનગરના રતનપર અને લખતર પંથકમાં હળવા વરસાદી ઝાપટાં પડ્યાં હોવાનું અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે..

----------------

## AROGYA KENDRA

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ગાંધીનગર ખાતે તૈયાર કરાયેલા આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું પાંચ જૂને લોકાર્પણ કરશે. રાજ્યના નાગરિકોને ઉપલબ્ધ કરાવાતી આરોગ્ય વિષયક સેવા અને સુવિધાઓ એક જ જગ્યાએ નિરીક્ષણ અને સમીક્ષા થઈ શકે તે માટે આ કેન્દ્ર બનાવાયું છે.

સત્તાવાર યાદી મુજબ, રાજ્ય સરકાર દ્વારા લોકોને ઘરે બેઠા ફોન પર આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી તથા આરોગ્ય સંબંધિત સલાહ, સૂચન કે પરામર્શ મળી રહે તે માટે આ કેન્દ્રમાં હેલ્થ હેલ્પલાઈન નંબર 104 કાર્યરત્ કરાયો છે PMJAY હેલ્પલાઇન પણ શરૂ કરવામાં આવી છે.

----------------

## WORLD CYCLE DAY - DHRANGADHRA

આજે વિશ્વ સાયકલ દિવસ છે. ત્યારે સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રાના યુવાનોએ સાયકલ ચલાવીને સ્વસ્થ રહેવા માટેની અપીલ કરી છે. આ યુવાનો છેલ્લા એક વર્ષથી દરરોજ 30 કિલોમીટર સાયકલીંગ કરે છે.

તેમણે અત્યાર સુધી કુલ 3 લાખ 36 હજાર કિલોમીટર સાયકલ ચલાવી છે, હવે તેમણે 4 લાખ કિલોમીટરનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ અંગે કલ્પેશ દસલાણિયાએ વધુ માહિતી આપી....

(બાઇટ : (કલ્પેશભાઈ)

----------------

## BOTAD TEACHER AWARD

બોટાદના ગઢડા તાલુકાના શિક્ષક વિનોદ શિયાળને રાષ્ટ્રીય કક્ષાના "ઍન્વાયર્નમૅન્ટ કન્ઝર્વેશન ઍવૉર્ડ 2025"થી સન્માનિત કરાયા. રાજ્ય સહિત દેશભરના અન્ય 14 રાજ્યના 120 જેટલા શિક્ષક અને પર્યાવરણપ્રેમીઓને આ પુરસ્કાર અપાયો. તેમાંથી એક ગઢડાની શ્રી બ્રાન્ચ શાળા નંબર છ-ના મદદનીશ શિક્ષક વિનોદ શિયાળનો સમાવેશ થાય છે. આ અંગે શ્રી શિયાળે પ્રતિક્રિયા આપી.

(BYTE- VINOD SHIYAL, TEACHER)

----------------

## IPL FINAL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટની ફાઈનલ મૅચ આજે રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાઈ રહી છે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં શરૂ થયેલી મૅચમાં પંજાબ કિંગ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

ઉલ્લેખનીય છે કે, રજત પાટીદારની આગેવાનીની ટીમ R.C.B. ક્વાલિફાયર એક-ની મૅચમાં પંજાબ કિંગ્સને હરાવી ફાઈનલમાં પહોંચી છે. જ્યારે ક્વાલિફાયર બે-ની મૅચમાં પંજાબ કિંગ્સ મુંબઈ ઈન્ડિયન્સને હરાવી ફાઈનલમાં પહોંચી છે.

---------------

# AMRELI - WALKTHON

અમરેલી ખાતે પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા વૉકેથોન યોજાઇ. 5 જૂન વિશ્વ પર્યાવરણ દિવસને લઇ યોજાઇ રહેલા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત શહેરમાં પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરાય તે માટે શાળા-કોલેજ કક્ષાએ વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વૃક્ષારોપણ, વોકેથોન સહિતના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. વૉકેથોન બાદ શહેરના નાગરિકો સહિત પોલીસ જવાનો દ્વારા વૃક્ષારોપણ પણ કરાયું. ઉપરાંત શાંતાબા મેડિકલ કોલેજ ખાતે પ્લાસ્ટિક ઉપયોગ અટકે તે માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

બીજી તરફ પંચમહાલમાં પણ વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" વિષયવસ્તુ હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિની પ્રવૃત્તિઓ હાથ ધરાઇ. જેમાં નદી, નાળાની સફાઇ, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અપીલ, ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ જેવી પ્રવૃતિ કરાઈ રહી છે.

---------------